# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૪/૧૯-૨૦/૧૨૭૩-૧૬** તા. 28.0૨.૨0૨0

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.**PG-** ૧૬/ક્વા-૪/૧૯-૨૦

**અરજદાર:** **પરબતભાઈ કારાભાઈ ચંદ્રાવાડીયા ગામ - ખજુરીયા** **સબડીવીઝન** : વડત્રા

**રજૂઆત કરનાર:** **અરજદાર પરબતભાઈ કારાભાઈ ચંદ્રાવાડીયા અને કેશુરભાઈ કાનાભાઈ ચન્દ્રવાડીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી -**ખંભાલીયા**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વી. સોમાણી** -પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ખજુરીયા ગ્રામ પંચાયતની હદમાં રેવન્યુ સર્વે નંબરઃ ૧૪૮ પૈકી માં ઘર લાઈટીંગ વીજજોડાણ મેળવવા માટે રસીદ નંબરઃ ૨૪૯૯૩૦ થી પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ખંભાળીયા ગ્રામ્ય મા અરજી કરેલ અને તે અનુસધાને ભાવપત્રક તા.૨૬–૦૪–૨૦૦૮ ના રોજ ભરપાઈ કરેલ. ત્યારબાદ ટેસ્ટ રીપોર્ટ તા.૦૫–૦૭–૨૦૦૮ થી ભરપાઈ કરેલ છે. ત્યારબાદ અરજદારનુ ગામ વડત્રા પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવેશ થતા સદર વીજ કનેક્શન માટે રૂબરૂ રજૂઆત કરી ફરીથી ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરાવેલ. પરંતુ આજદિન સુધી તેઓને સદર જોડાણ મળેલ ન હોય – અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **વડત્રા પેટા વિભાગીય કચેરી ના પત્ર નંબર વીએસડી/ટેક/૧૮૩૯ તારીખ ૧૭.૦૨.૨૦૨૦ મુજબ જે તે સમયે સદર ગામ હાલના ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું હોય તેમજ સદર જોડાણ માટે નોંધણી અને ભાવપત્રક ની રકમ પણ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળિયા હેઠળ ભરપાઈ થયેલ છે, પરંતુ નાયબ ઇજનેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળિયા તારીખ ૧૫.૦૨.૨૦૨૦ ના આ સાથે સામેલ પ્રમાણ પત્ર મુજબ જે તે સમયે સદર વીજ જોડાણ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખંભાળિયા ખાતેથી રિલિજ થયેલ નથી**

3.૧ **ત્યારબાદ તારીખ-૧૦.૦૨.૨૦૨૦ તથા ૧૬.૦૨.૨૦૨૦ ના રોજ જુનિયર ઇજનેર, વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થાનિક જગ્યા નું નિરક્ષણ/રોજકામ કરેલ છે તે મુજબ હાલ સર્વે નંબર ૧૪૮ પૈકી માં ઘર લાઇટિંગ નું વીજ જોડાણ છે નહીં. વધુમાં હાલમાં સદર જોડાણ આપવા માટે સ્કેચ મુજબ એલટી ની લંબાઈ ૧૧૦ મીટર છે જ્યારે ભરપાઈ થયેલ અંદાજપત્રક માં ૪૫ મીટર લંબાઈ ની રકમ વસૂલેલ હોય તફાવત ની ૬૫ મીટર લાઇન લંબાઈ ની રકમ (૧૧૦ મીટર – ૪૫ મીટર = ૬૫ મીટર) ના રૂપિયા ૧૧૧૧૫/- તેમજ માલિકી હક ના દસ્તાવેજ ૭/૧૨ તથા ૮ અ હક્ક પત્રક વિગેરે રજૂ કરવાની બાહેંધરિ રજૂ કર્યે વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. સદર કેસ માં તફાવત ની રકમ ભરપાઈ કરવા માટે અરજદાર ને અત્રે ની કચેરી દ્વારા પત્ર નંબર જેકેડીટેક/ ૭૭૦ તારીખ ૧૭.૦૨.૨૦૨૦ થી જાણ કરેલ છે.**

## :: હુકમ::

૪.૦ ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **શ્રી પરબતભાઇ કરભાઈ ચંદ્રવાડિયા રે. ખજૂરીયા એ સર્વે નંબર ૧૪૮ પૈકી માં ઘર લાઇટિંગ નું વીજ જોડાણ મેળવવા માટે રૂપિયા ૪૦/-રસીદ નંબર ૨૪૯૯૩૦ તારીખ ૧૦.૧૦.૨૦૦૭ થી ભરપાઇ કરેલ અને સદર જોડાણ નું તારીખ ૧૭.૦૪.૨૦૦૮ ના રોજ રૂપિયા ૫૭૮૦/- નું અંદાજ પત્રક રસીદ નંબર ૫૦૯૬૧૬/૧૭ તારીખ ૨૬.૦૪.૨૦૦૮ થી ભરપાઈ કરેલ છે. તે મુજબ સાદર વીજ જોડાણ આપવા માટે એલટી લાઈન ૪૫-મીટર પ્રપોઝ કરેલ છે.**

૪.૨ **ત્યારબાદ અરજદાર દ્વારા ફોરમ માં અરજી કર્યા બાદ સામાવાળા દ્વારા સદર કેઈસની ખરાઈ કર્યા ઉપરોક્ત મુદ્દા નં.૩.૨ મુજબ સદર જોડાણ આપવા માટે રજુ કરેલ સાઈટ સ્કેચ મુજબ એલટી ની લંબાઈ ૧૧૦ મીટર છે જેથી તફાવત ની ૬૫ મીટર લાઇન લંબાઈ ની રકમ ના રૂપિયા ૧૧૧૧૫/- તેમજ માલિકી હક ના દસ્તાવેજ ૭/૧૨ તથા ૮ અ હક્ક પત્રક વિગેરે રજૂ કરવાની બાહેંધરિ રજૂ કર્યે વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે.**

૪.૩ **ઉપરોક્ત મુદ્દા નં.3.1 અને ૩.૨ મુજબ અરજદારનું સદર વીજ જોડાણ ૧૩૨કેવિ સબ-સ્ટેશન માંથી નીકળતા ૧૧કેવિ. જુવાનગઢ ખેતીવાડી ફીડર માંથી સર્વે થયેલ હતો. સદર ફીડર વર્ષ ૨૦૧૨-૧૩ માં એચ.વી.ડી.એસ. માં રુપાંતરિત થઈ ગયેલ. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ માં ૧૧કેવિ. જુવાનગઢ ખેતીવાડી ફીડરનું ટ્રાઈફર્ગેશન થતા (૧૩૨ કેવી. ખંભાલીયા સબ-સ્ટેશન માંથી ૧૧કેવિ. સાંઈરામ એ.જી. અને નવા ૬૬કેવિ જુવાનગઢ સબ-સ્ટેશનમાંથી ૧૧કેવિ.મુરલીધર એ.જી.અને ૧૧કેવિ વિરમદળ એ.જી.ફીડર) અરજદારનું સદર ઘર વપરાશ માટે લાઇટિંગ નું વીજ જોડાણ ૧૧કેવિ.મુરલીધર ફીડરના હયાત ટ્રાન્સફોર્મરમાંથી ૧૧૦ મીટર એલ.ટી. લાઈન પ્રપોઝ કરીને તફાવતની એલટી. લાઈન ૬૫ મીટરની રકમ ભરપાઈ કરવા સામાવાળાએ અરજદારને જાણ કરેલ છે,**

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે –ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારની માંગણી મુજબનું **ઘર વપરાશ માટે લાઇટિંગ નું વીજ જોડાણ** પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયે આપવામાં આવેલ નથી. તદુપરાંત ૧૧કેવિ **જુવાનગઢ ખેતીવાડી ફીડર નું એચ.વી.ડી.એસ. માં રૂપાંતરિત** તથા **ટ્રાઈફર્ગેશન** થતાં અરજદાર પાસેથી વધારાની ઉભી કરવી પડતી વીજ લાઈનની રકમ વસુલ કરી શકાય નહિ તેમ ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબનું વીજ જોડાણ જરૂરી ખરાઈ કર્યા બાદ નીયામાંધીન કાર્યવાહી કરીને સીસ્ટમ સુધારણા યોજના અંતર્ગત વધારાની એલ.ટી. વીજ લાઈન ૬૫ મીટર ( Paid 45 Mtr +SIS 65 Mtr= Total 110Mtr) ઉભી કરીને વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવા અને થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ દિવસ -૬૦ માં અત્રેની ઓફિસને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

**૪.૫** ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે હુકમ કરવામાં આવે છે.

**૪.૬** અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી. પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯